# પ્રાંતિજના કાટવાડ-મોયદ દૂધ ઉત્પાદન સહકારી મંડળીમાં મંડળીના સેક્રેટરી દ્વારા ઉચાપત

**૫,૦૭,૧૨૬,૨૩ પૈસાની ઉચાપત કરી : મંડળીના ચેરમેન દ્વારા સેક્રેટરી વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ : છેલ્લા પાંચ વર્ષથી પોતાના નામનું વાઉચર બનાવી કરી ઉચાપત**

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કાટવાડ ખાતે આવેલ ધી કાટવાડ-મોયદ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સેક્રેટરી દ્વારા મંડળીમાંથી ઉચાપત કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે મંડળીના ચેરમેન દ્વારા મંડળીના સેક્રેટરી વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી છે.




પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના કાટવાડ ખાતે આવેલ ધી કાટવાડ-મોયદ દૂધ ઉત્પાદન સહકારી મંડળીના સેક્રેટરી કરણસિંહ પ્રહલાદસિંહ ચૌહાણ કે જેવો રહે. કાટવાડ કે જેવો દ્વારા તા.૧-૪-૨૦૧૫ થી તારીખ ૩૧-૩-૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના નામનું વાઉચર બનાવી પાંચ વર્ષના સમયગાળામાં કુલ રૂ. ૫,૦૭,૧૨૬,૨૩ (અંકે રૂપિયા પાંચ લાખ સાત હજાર એકસો છવ્વીસ અને ત્રેવીસ પૈસાની ઉચાપત કરી આ રકમ આજદિન સુધી મંડળીના બેંક ખાતામાં કે મંડળીને નહી સોંપતા પોતાના અંગત કામમાં ઉપયોગ કરી કાયમી ઉચાપત કરતાં મંડળીના ચેરમેન જહુસિંહ નાથુસિંહ પરમાર રહે. કાટવાડ દ્વારા આ અંગેની જાણ જિલ્લા રજીસ્ટ્રાર કચેરી હિંમતનગર ખાતે કરી હતી અને જિલ્લા રજીસ્ટ્રારની કચેરી હિંમતનગર કચેરીના હુકમથી ધી કાટવાડ-મોયદ દૂધ ઉત્પાદન સહકારી મંડળીના ચેરમેન જહુસિંહ નાથુસિંહ પરમાર દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મંડળીના સેક્રેટરી વિરૂધ્ધ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ઈશ્વરભાઈ માવજીભાઈ દ્વારા આઈપીસી કલમ-૪૦૮ મુજબ ગુનો નોધી આગળની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ વાઘેલા દ્વારા તપાસ હાથ ધરવામા આવી છે.

# ગાજણ સામુહિક આત્મહત્યા કરનાર પરિવારની એક સાથે ૪ અર્થી નીકળી

મોડાસા, તા. ૩

મોડાસા તાલુકાના ગાજણ ગામના ક્ષત્રીય યુવાન તેની પત્ની અને બે માસુમ બાળકો સાથે ત્રણ દિવસ અગાઉ ગુમ થયા પછી શનિવારે ગામ નજીકના તળાવમાં બે માસુમ બાળકો સાથે એક ઝાડ ઉપરથી ગળે ફાંસો ખાધેલ હાલતમાં લટકતી મળી આવતા આવતાં ભારે ચકચાર મચી હતી. ગામમાં એક પરિવારના સામૂહિક આપઘાતની ઘટનાથી આખા પંથકમાં ચકચાર મચી ગઈ હતી. મોડાસા રૂરલ પોલીસ સહીત ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી પતિ-પત્ની અને બે માસુમ ભુલકાના મૃતદેહનું મોડાસા અર્બન હેલ્થ સેન્ટરમાં પીએમ કરાવ્યા બાદ વતન લવાયા હતા અને ભારે કરુણાસભર વાતાવરણમાં પરિવારના ચારે સદસ્યોની એક સાથે અર્થી ઉઠતા ગામ આખું હીબકે ચઢ્યું હતું. સામુહિક આપઘાતની હૃદયદ્રાવક ઘટના બાદ યુવાન પરિવારે આત્મહત્યા કેમ કરવા મજબુર બન્યો તે હજુ પણ ગામલોકો સમજી શક્યા નથી. મૃતક દંપતી અને બંને બાળકોના વિશેરા ગાંધીનગર એફએસએલમાં મોકલી આપ્યા હતા.

## ગામ આખું હીબકે ચઢ્યું, સર્જાયા હૃદયદ્રાવક દ્રશ્યો



૩૧ ડિસેમ્બરે રાત્રીના ૧૦ વાગ્યા પછી ગાજણ ગામે રામદેવપીર ફળી વિસ્તારમાં રહેતો ૩૨ વર્ષીય ખેડૂત કાળુસિંહ પરમાર તેમના પત્ની જયોતિકાબેન અને પુત્ર મયંક (ઉ.વ.૭) અને ટેડીયો (ઉ.વ.૫) ઘરેથી ગુમ થઈ ગયા હતા. ત્રણ દિવસથી અચાનક ગૂમ થઈ ગયેલ આ ખેડૂત દંપતી અને તેના બે પુત્રો શનિવારની માંડી સાંજે ગાજણ ગામના ડુંગરમાં આવેલા તળાવ નજીક ખરાબાના એક ઝાડ ઉપરથી ગળે ફાંસો ખાધેલ હાલતમાં લટકતી મળી આવતા ભારે ચકચાર મચી હતી. નાનકડા ગામમાં એક પરિવારના સામૂહિક આપઘાતની ઘટનાથી આખા પંથકમાં ચકચાર મચી ગઈ હતી. મોડાસા રૂરલ પોલીસ સહીત ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી વિવિધ દિશામાં તપાસ આદરી દીધી છે. પતિ-પત્ની અને બે માસુમ ભુલકાના મૃતદેહનું મોડાસા અર્બન હેલ્થ સેન્ટરમાં પીએમ કરાવ્યા બાદ વતન લવાયા હતા અને રવિવારે ચારેય મૃતકોની અંતિમક્રિયામાં મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. ઘરમાંથી એક સાથે બે માસુમ બાળકો અને દંપતીની અર્થી ઉઠતા જ પરિવારજનો અને સગા-સબંધીઓએ આક્રંદ કરી મુકતા કરૂણાસભર દ્રશ્યો સર્જાયા હતા.

# મોડાસામાં રખડતા ઢોરોનો ત્રાસ યથાવત

**દ્વારકાપુરી સોસાયટી પાસે ગાયની અડફેટે બાઈકચાલક ચઢ્યો, રોડ પર પટકાતા માથાના ભાગે ઈજાઓ**

મોડાસા, તા. ૩

મોડાસા શહેરમાં શહેરના રસ્તા વચ્ચે અડિંગો જમાવીને બેસતી અને રખડતી ગાયોને લીધે વારંવાર નાના-મોટા અકસ્માત સર્જાઈ રહ્યા છે. ગત વર્ષે એક યુવકને ગાયે અડફેટે લેતા યુવકનું મોત નીપજ્યું હતું. રાત્રીના સુમારે રોડ પર બેસેલી ગાયોનું ટોળું ન દેખાતા અનેક વાહનચાલકો ગાય સાથે ભટકાઈ અકસ્માતનો ભોગ બની રહ્યા છે. મોડાસાના મેઘરજ રોડ પર ગાયોના ધણના ધણ અડિંગો જમાવી બેસી રહે છે, ગત મોડી રાત્રે ગાય વચ્ચે આવી જતાં રોડ પરથી પસાર થતો બાઈકચાલક ગાય સાથે ભટકાઈ રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા આજુબાજુથી લોકો દોડી આવી ઈજાગ્રસ્ત યુવકને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો.

શનિવારે રાત્રે પલ્સર બાઈક લઈ પસાર થઈ રહ્યો હતો ત્યારે



શહેરના મેઘરજ રોડ પર આવેલી દ્વારકાપુરી સોસાયટી નજીક ગાય આડી ઉતરતા બાઈક સાથે અથડાતા બાઈક સાથે ચાલક રોડ પર ધડાકાભેર પટકાતા શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ તાબડતોડ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ત્રણે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે દવાખાને ખસેડ્યા હતા. શહેરમાં રખડતા ઢોર સામે નગરપાલિકાની લાચારી સામે ભારે આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે.

પાલિકા અકસ્માતોની વણથંભી વણઝાર અટકાવવા નક્કર પગલાં કયારે લેશે?

રસ્તે રખડતા ઢોરોને લીધે થતાં અકસ્માતોમાં ભૂતકાળમાં કોઈનો વ્હાલાસોયો દીકરો કે કોઈના ગુમાવી ચુક્યા છે પણ પાલિકાને અને તેના અધિકારીઓને શહેરમાંથી રખડતા ઢોરોની સમસ્યા દૂર કરવામાં કોઈ જ રસ રહ્યો નથી. શહેરમાંથી રખડતા પશુઓનો ત્રાસ દૂર કરવા માટે પાલિકા કાગળો પર ઘોડા દોડાવ્યે રાખે છે. નગરપાલિકા પાંજરાપોળ ન હોવાનું રટણ રટી બહાના બાજી કરી રહી હોય અને નક્કર કાર્યવાહી કરવાના બદલે પશુપાલકોથી ગભરાતી નગરપાલિકા અને કર્મચારીઓ પાંજરે પુરવા નામાવલી પુરવાર થઈ રહી હોવાનું પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે.

# નારણપુર ગામમાં શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું

ભિલોડા,તા.૩

ભિલોડા તાલુકાના નારણપુર ગામમાં શૈક્ષણિક યુવા વિચાર મંચ, ભિલોડાના હોદ્દેદારો ધ્વારા શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું હતું. નારણપુર ગામના કરણભાઈ ઠાકોરના ઘરે ટ્યુશન ક્લાસીસ ચલાવતા હોઈ ત્યારે શૈક્ષણિક યુવા વિચાર મંચના હોદ્દેદારો, કાર્યકરો ધ્વારા બાળકોને ચોપડા, બોલપેન, કંપાસનું વિતરણ કરાયું હતું. વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે દરેક ગામમાં ટ્યુશન ચાલે તે માટે બાળકોને પ્રોત્સાહિત કરાય તેવા ઉદ્દેશ સાથે સમાજના યુવાનોએ નવતર પહેલ કરી છે. શૈક્ષણિક કીટ મળતા વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# પોળો જંગલ જન જાગૃતિ અભિયાન અંતર્ગત શૈક્ષણિક સન્માન કાર્યક્રમ યોજાયો

પોળો જંગલ જન જાગૃતિ અભિયાન અંતર્ગત શૈક્ષણિક સન્માન કાર્યક્રમ યોજાયો હતો.વિજયનગરના જોરાવરનગર ખાતે પોળો રમણીય પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે આદિવાસી સમાજના અભ્યાસ કરતા તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમના ઉદ્‌ઘાટક શ્રી આદિવાસી ડુંગરી ગરાસિયા સમાજ ટ્રસ્ટ,પ્રમુખ બિપિનચંદ્ર ગામેતી (કણાદર) ના વરદ્‌ હસ્તે યોજાયો હતો. આદિવાસી સમાજના આગેવાનો, પદાધિકારીઓ, શિક્ષણપ્રેમી જનતાના ઉત્સાહથી કાર્યક્રમ યોજાયો હતો. ધોરણ.૧૦ થી સ્નાતક, અનુસ્નાતક ,વિશેષ કેટેગરી, એન્જીનીયરીંગ, તબીબ વિદ્યાશાળામાં વિશેષ સ્થાન ધરાવતા યુવક, યુવતીઓને મોમેન્ટો, શિલ્ડ આપી સન્માન કર્યું હતું. યુવાનો તેજસ્વી તારલાઓ પાસેથી પ્રેરણા મેળવી ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દીનું ઘડતર કરે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા.સ્પર્ધાત્મક યુગમાં યુવાનોને માર્ગદર્શન, પ્રેરણા મળી રહે અને પરીક્ષામાં સારા ઉચ્ચ ગુણ પ્રાપ્ત થાય,



યુવાનો સાથે તંદુરસ્ત સ્પર્ધા થાય તે હેતુસર સમાજના આગેવાનોએ માતબર રકમ દાન તરીકે એકઠી કરી બિરસા - મુંડા, પુસ્તકાલય, જોરાવરનગરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. જેનો લાભ વિસ્તારના યુવાનો અબાલ,વૃધ્ધ સૌ-કોઈને થશે તેમ જણાવ્યું હતું. એલ.જે.ચારેલ, રાજુભાઈ વલવાઈ, રવજીભાઈ પાંડોર, બચુભાઈ બરંડા સહિત સરપંચો ઉપસ્થિત રહ્યા હતા. બાળાઓએ પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમ ઉત્સાહભેર રજુ કર્યો હતો. કાર્યક્રમનું સફળ આયોજન આનંદ સડાતના માર્ગદર્શન હેઠળ પોળો ગ્રૃપ ધ્વારા કર્યું હતું.

# અરવલ્લીમાં છોટુ વસાવાની બીટીપી પાર્ટીની એન્ટ્રી

**ભિલોડામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જંપલાવશે, ભાજપ-કોંગ્રેસનું ગણિત બગાડશે**

ભિલોડા, તા. ૩

ઝઘડિયા ધારાસભ્ય છોટુંભાઈ વસાવાની ભારતીય ટ્રાયબલ પાર્ટી રાજસ્થાનના વિધાનસભાની ચૂંટણીઓમાં અરવલ્લી જીલ્લાને અડીને આવેલ આદિવાસી પટ્ટામાં ત્રણ વિધાનસભાની બેઠકો પર જીત મેળવામાં સફળ રહ્યા બાદ હાલ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં બીટીપી અને અસદુદ્દીન ઓવૈસીની ઔવૈસી વચ્ચે ગઠબંધનની જાહેરાત કરી દીધી છે. ત્યારે બીટીપીએ અરવલ્લી જીલ્લામાં એન્ટ્રી કરી દીધી છે. જીલ્લાના પાર્ટીએ એન્ટ્રી કરવાની સાથે ભિલોડા નગરમાં રીષભ કોમ્પ્લેક્ષમાં બીટીપી કાર્યાલયનો પ્રારંભ કરવાની સાથે ભિલોડા તાલુકાની તાલુકા અને જીલ્લા પંચાયત સીટ પર બીટીપીના ઉમેદવારો ચૂંટણી લડશેનો હુંકાર બીટીપી ગુજરાત પ્રદેશ પ્રમુખ રમેશ વસાવે કર્યો હતો. આદિવાસી સમાજને ભાજપ-કોંગ્રેસે હંમેશા અન્યાય કર્યો હોવાનું જણાવ્યું હતું. ભિલોડા તાલુકો કોંગ્રેસનો ગઢ હોવાની સાથે ભાજપ પણ ભિલોડા તાલુકામાં વર્ચસ્વ ધરાવે છે ત્યારે આગામી સ્થાનિક




આદિવાસી બહુમત ધરાવતા ભિલોડા તાલુકામાં બીટીપીના ગુજરાત પ્રદેશ પ્રમુખ રમેશ વસાવાની ઉપસ્થિતીમાં કાર્યાલયનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પાર્ટી અધ્યક્ષે સ્થાનીક સ્વરાજની ચૂંટણીમાં બીટીપીના ઉમેદવારો મેદાનમાં ઉતારવાની પણ જાહેરાત કરી દીધી છે અને સ્થાનિક અને તાલુકાકક્ષાએ હોદ્દેદારોની નિમણુંક કરી જવાબદારી સોંપવામાં આવતા જીલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો. બીટીપીના કાર્યાલયના અતી ઉત્સાહમાં સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પણ નેતાઓ અને કાર્યકારાતો ભૂલ્યા હતા.

રાજ્યમાં કોરોનાના સંક્રમણને પગલે ત્રણ મહીના સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓ પાછી ઠેલવાઈ હતી ગમે તે ઘડીએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓની યોજાય તેવા સંકેતો મળતા સ્થાનિક રાજકીય પક્ષો પણ સક્રીય થયા છે, અત્યાર સુધી અરવલ્લી જીલ્લામાં સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો જ મહત્તમ ચૂંટણી લડતા હતા ત્યારે જીલ્લામાં ભારતીય ટ્રાયબલ સ્વરાજ્યની ચૂંટણીમાં બીટીપીએ તમામ બેઠકો પર ચૂંટણી લડવાની જાહેરાત કરતા બંને રાજકીય પક્ષોનું ગણિત ઉલટ સુલટ કરે તો નવાઈ નહિ. જીલ્લામાં ભારતીય ટ્રાયબલ પાર્ટીએ એન્ટ્રી કરતાની સાથે રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

રવિવારે ભિલોડાના રીષભ કોમ્પ્લેક્ષમાં બીટીપીના કાર્યાલયનો શુભારંભ રાજ્ય પાર્ટી અધ્યક્ષ રમેશ વસાવા પહોંચતા પરંપરાગત આદિવાસી ઢોલ-નગરના તાલે કાર અને બાઈકરેલી યોજી આવકાર્યા હતા. રેલીમાં કોરોનાની મહામારીને પગલે સરકારે જાહેર કરેલ સરકારી ગાઈડલાઈનના ધજીયા ઉડ્યા હતા. જીલ્લામાં ઝગડિયાના ધારાસભ્ય છોટુ વસાવાના આવકારતા ઠેર ઠેર બેનર લાગી ગયા હતા. બીટીપીની એન્ટ્રીથી સૌથી વધુ કોંગ્રેસ પક્ષને નુકશાન થવાનો અને માંડ માંડ જીલ્લાના આદિવાસી વિસ્તારોમાં પ્રભુત્વ જમાવી રહેલ ભાજપને પણ મોટો ફટકો પડી શકે છે નું રાજકીય અગ્રણીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

# પ્રયાસ ચેરિટીબલ ટ્રસ્ટ ધ્વારા ગરમ બ્લેન્કેટનું વિતરણ


ધનસુરામાં પ્રયાસ ચેરિટીબલ ટ્રસ્ટ ધ્વારા ગરમ બ્લેન્કેટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. ધનસુરાના ૧૧ યુવક યુવતીઓ એવા છે જે મોજશોખ પાછળ રૂપિયાનો બગાડ ના કરતા સદમાર્ગે ધનનો ઉપયોગ કરે છે. આ યુવાનો ધનસુરામાં પ્રયાસ ચેરિટીબલ ટ્રસ્ટ નામની સંસ્થા ચલાવે છે અને જરૂરિયાતમંદને મદદરૂપ થાય છે. ગત ૩ વર્ષથી આ સંસ્થા દ્વારા ફૂટપાથ અને ઝૂંપડામાં રહેતા લોકોને ગરમ બ્લેકેટનું વિતરણ કરવામાં આવે છે. ધનસુરા અને વડાગામમાં ફૂટપાથ અને ઝૂંપડામાં રહેતા લોકોને ગરમ બ્લેન્કેટનું વિતરણ કર્યું હતું.

આ કાર્ય આનંદ પટેલ, રાજેશ વાઘેલા, જીતુ ચોપડા, જીજ્ઞેશ પ્રજાપતિ, જય જોશી, જીજ્ઞેશ સોની, માનસી પટેલ, ગીત વાઘેલા, અંકિતા પ્રજાપતિ, સુનિતા પટેલનો સહોયોગથી કરવામાં આવ્યો હતો. પ્રયાસ ગ્રુપ ઉપરાંત ઉનાળમાં પાણીની પરબ શાળામાં બાળકોને સ્વેટરનું વિતરણ જેવી કામગીરી કરે છે. આ સંસ્થા દ્વારા લોકડાઉનમાં જરૂયાતમંદને ૧૫ દિવસનું રાસન કીટ અને માસ્કનું વિતરણ કર્યું હતુ અને રાજસ્થાન, યુપી, બિહારના મજૂરને તેના વતનમાં પરત જવામાં મદદ કરી હતી.

# મહાઠગ દિવ્યાંગ ગીરધર પરમાર ભિલોડા પોલીસના સંકજામાં

**સીવણ ક્લાસના નામે ગરીબ મહિલાઓ સાથે ૧.૮૦ લાખની ઠગાઈ, ત્રણ દિવસના રિમાન્ડ**

સાબરકાંઠા જીલ્લાના વડાલી તાલુકાના માલપુર ગામના દિવ્યાંગ ગિરધર પરમારને જાણે ગરીબો અને વંચિતો માટે સરકાર દ્વારા ચૂકવાતી સહાય અને




મહિલાઓને પગભર કરવા વિવિધ યોજનાઓના નામે લૂંટ કરવાની ફાવટ આવી ગઈ હોય તેમ શ્રી પાલન સેવા સંસ્થાના નામે ટ્રસ્ટ ઉભું કરી અગાઉ વડોદરામાં મુખ્યમંત્રી આવાસ યોજનામાં ગરીબ લોકોને સહાય અપાવવાના નામે લાખ્ખો રૂપિયાની છેતરપીંડી કર્યા બાદ અરવલ્લી જીલ્લાના ભિલોડા નગરમાં રિષભ કોમ્પ્લેક્ષમાં સીવણ ક્લાસના નામે ઓફીસ ઉભી કરી ૧૦૦થી વધુ ગરીબ અને વિધવા મહિલાઓને પગભર કરવાની અને સીવણ મશીન આપવાની લાલચ આપી મહિલા દીઠ ૩૦૦૦ રૂપિયાનું ઉઘરાણું કરી રફુચક્કર થઈ જતા ગરીબ મહિલાઓના માથે આભ તૂટી પડ્યું હતું. થોડા દિવસો અગાઉ ભિલોડાના નઝમાબેન મન્સુરીએ ભિલોડા પોલીસ સ્ટેશને ગિરધર પરમાર સામે ફરિયાદ નોંધાવતા ભિલોડા પોલીસે ગીરધર પરમાર બરોડા જેલમા હોવાની માહિતી પ્રાપ્ત થતા ૧ ડિસેમ્બરે ટ્રાન્સફર વોરંટથી ભિલોડા લવાયો હતો અને કોર્ટમાં રજૂ કરતા આરોપીના ત્રણ દિવસના નામદાર કોર્ટે રિમાન્ડ મંજુર કરતા પોલીસે સઘન પૂછપરછ હાથ ધરી છે.

## દિવ્યાંગ ગીરધર પરમાર વાક્ચાતુર્યથી સરકારી સહાયના નામે લોકો સાથે ઠગાઈ કરવામાં ફાવટ..!!

ભિલોડા નગરના રિષભ કોમ્પ્લેક્ષમાં દિવ્યાંગ ગિરધર પરમારે શ્રી પાલન સેવા સંસ્થાના બોર્ડના ઓથા હેઠળ સરકારી યોજનાના નામે સીવણ ક્લાસ ચાલુ કરી ત્રણ હજાર ફી રાખી મફત સીવણ મશીન અને રોજગારી આપવાની જાહેરાત કરતા ભિલોડા સહીત આજુબાજુના ગ્રામ્ય પંથકમાંથી સીવણ માટે ગરીબ અને જરૂરિયાતમંદ મહિલાઓએ પેટે પાંટા બાંધી ક્લાસ માટે ફી ભરી હતી. ૧૧૦ જેટલી મહિલાઓએ ફી ભર્યા બાદ થોડો સમય સીવણ ક્લાસનો સમય પૂર્ણ થયા બાદ મહિલાઓએ મફત સીવણ મશીન અને સહાયની માંગ કરતા ગિરધર પરમાર ગલ્લા તલ્લાં કરતા અને ફી પરત કરવાના વાયદાઓ પર વાયદાઓ કર્યા બાદ અચાનક ઓફિસના તાળા મારી રફુચક્કર થઈ જતા મહિલાઓએ ત્રણ હજાર રૂપિયા અને ત્રણ મહિના સમય બરબાદ થતા મહિલાઓની હાલત દયનિય બની હતી. આ શખ્સ અન્ય મળતીયાઓ સાથે સાબરકાંઠા- અરવલ્લી જીલ્લામાં મોટા પાયે સીવણ ક્લાસના નામે ગરીબ મહિલાઓને લૂંટી લીધી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

દિવ્યાંગ ગિરધર પરમાર તેના વાક્ચાતુર્યથી અનેક ગરીબ મહિલાઓ અને લોકો સાથે છેતરપિંડી કરી છે. ભિલોડામાં સીવણ ક્લાસ માટે પ્રવેશ મેળવતી મહિલાઓ અને તેમના પરિવારજનોને અરવલ્લી જીલ્લા કલેકટરના હાથે ૨૦૦ સિલાઈ મશીન અપાવ્યા હોવાની શેખી મારતો હતો અને અન્ય સરકારી સહાય થકી ગરીબ લોકોને મદદ કરી હોવાની ગુલબાંગ હાંકતો હતો.

# પેપોળ વોટર વર્કર અમરતભાઈ પરમારનું હાર્ટએટેકથી મોત

વડગામ, તા. ૩

વડગામ તાલુકાના પેપોળ ગામમાં વોટર વર્કર અમરતભાઈ હીરાભાઈ પરમારનું હદય રોગના હુમલાથી મોત થતાં તેમના પરીવારજનો ઉપર આકસ્મિક આફત આવી પડી હતી અને ગામલોકોમાં પણ વોટર વર્કરના મોતથી અરેરાટી વ્યાપી ગઈ હતી. માણસ કેટલું જીવ્યો એ મહત્વનું નથી પણ કેવું જીવ્યો એ મહત્વનું છે. પેપોળ પંચાયતમાં વોટર વર્કર તરીકે ફરજ બજાવતા અમરતભાઈ પરમારનું જીવન ખુબજ સાદગીભર્યું હતું. ગામમા તમામ સમાજના લોકો સાથે હળીમળીને આત્મીયતા કેળવી હતી. હૃદય રોગના હુમલાથી મોતને ભેટેલા અમરતભાઈ પરમારના અકાળે અવસાનથી ગામ લોકોને પણ લાગી આવ્યુ હતુ. તેમના પરિવારજનોને મદદરૂપ થવા ગામના ચૌધરી, રાજપૂત, પ્રજાપતિ સમાજ, તુવર-મનસુરી, પંચાલ, ઠાકોર, રાવળ, શ્રીમાળી, રાવત સમાજ સહિત ગામમાં એકત્ર થઈને તમામ સમાજના લોકોએ ઘર દીઠ 'ફૂલ નહીં તો ફૂલની' પાંખડી રૂપે ફાળો એકત્ર કરીને વોટર વર્કર અમરતભાઈ પરમારના પરીવારજનોને મદદરૂપ બનવા ૪૩૦૦૦ હજાર ફાળો એકઠો કરીને ગ્રામજનો દ્વારા આપવામાં આવ્યો હતો.




**શ્રીમાલી બ્રાહ્મણ સમાજ દ્વારા જિલ્લા ભાજપ પ્રમુખનું સન્માન કરાયું**

ઉમદા વ્યક્તિત્વ અને ઉમદા વિચારોથી ભરપૂર છે એવા ગુમાનસિંહ ચૌહાણની બનાસકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના નવનિયુક્ત પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે તેમની વરણીને લઈને જિલ્લાભરના કાર્યકર્તાઓ અને દરેક સમાજમાં ખુશી છવાઈ ગઈ છે ત્યારે શ્રીમાલી બ્રાહ્મણ સમાજના યુવાનો દ્વારા તેમના નિવાસસ્થાને જઈને શાલ અને સાફો પહેરાવીને સન્માન કર્યું હતું અને તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ અને આશિર્વાદ આપ્યા હતા. તેમના નેતૃત્વમાં બનાસકાંઠા જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી મજબૂત બનશે એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. જિલ્લા ભાજપ પ્રમુખે તમામ ભુદેવ યુવાનોનો આભાર માન્યો હતો અને ભુદેવોના આશીર્વાદ બન્યા રહે એવું જણાવ્યું હતું.